# માતા અને પુત્રી વચ્ચે સમાધાનનો સેતુ બનતી ૧૮૧ અભયમ ટીમ

## માતા સાથે ઝઘડો થતા ઘરેથી જતા રહેલા મુકબધિર યુવતીનું પરિવાર સાથે સુખદ મિલન

રાજકોટઃ

પારિવારિક કલેશમાં ૧૮૧ ટીમની સૂઝબૂઝથી માતા પુત્રીનું સુખદ મિલન કરાવવાની ઘટના સામે આવી છે. જેમાં ગોંડલમાં માતા સાથે ઝઘડો થતા મુકબધિર યુવતી ઘર છોડીને બસ સ્ટેન્ડ પહોંચી ગયા હતાં. સ્થાનિક નાગરિકના ધ્યાને આ વાત આવતા તેમજ યુવતી ઘરે નહીં જવાની જીદ કરતા ૧૮૧ અભયમ ટીમને મદદ માટે કોલ કરવામાં આવ્યો હતો.



અભયમ ટીમના કાઉન્સેલરશ્રી લતાબેન ચૌધરી સહીતની ટીમ ગોંડલ બસ સ્ટેન્ડ ખાતે પહોંચી ત્યારે તેમને મળીને મુકબધિર યુવતી ધ્રુસકે ધ્રુસકે રડી પડી હતી. ટીમ દ્વારા યુવતીને સાઈન લેંગ્વેજમા સમજાવવાના અથાગ પ્રયત્ન કરવામાં આવ્યાં, પરંતુ યુવતી કોઈ વાત સાંભળવા તૈયાર ન હતી. લતાબેને ધીરજપૂર્વક યુવતીને સમગ્ર ઘટના અંગે વાત કરવા જણાવ્યું હતું.

યુવતીએ આપવીતી જણાવતા કહ્યું હતું કે, તેણી મુકબધિર હોવા છતાં માતા તેની સાથે સમય વિતાવવાને બદલે બીજા લોકો સાથે બેસવા જતા રહેતા હોય તે બાબતે બંને વચ્ચે ઝઘડો થતો હતો. યુવતીને તેની માતાએ માર માર્યો હોવાના નિશાન પણ બતાવ્યા હતા.

આ અંગે યુવતીની માતા સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, તેની પુત્રી મુકબધિર હોવાથી પરિવારમાં તે કોઈનું માનતી ન હતી. બંનેની વાત સાંભળ્યા બાદ ટીમ દ્વારા માતાને મુકબધિર દિકરીને સાચવવા અથવા તો મૂંગા બહેરા આશ્રમમાં મૂકી આવવાની સલાહ આપી હતી. તેમજ યુવતીને પણ માતા સાથે ઝઘડો ન કરવા સમજાવતા બંને માતા પૂત્રી સાથે શાંતિપૂર્વક રહેવા સહમત થયા હતા.

અભયમ ટીમ દ્વારા પારિવારિક ઝઘડામાં સુખદ સમાધાન બદલ પરિવારજનોએ તેમનો આભાર માન્યો હતો.

# સ્ટે. કમીટીમાં અડધાથી વધુ દરખાસ્તોના ઓપરેશન! અધિકારીઓને ઉંધા માથે કરી દેતા પદાધિકારીઓના નિર્ણય



## સફાઇ કોન્ટ્રાકટ, નવી લાઇટીંગ નીતિ, બગીચા જાળવણી, જીમ સંચાલન, તિરંગા માટે લાકડી ખરીદી સહિતની કાર્યવાહીમાં વધુ વિગતો મંગાવવામાં આવી

રાજકોટઃ રાજકોટ મહાપાલિકાની સ્થાયી સમિતિની છેલ્લા સમયમાં મળેલી બેઠકોમાં દરખાસ્તો સીધી મંજૂર કરવાને બદલે દરખાસ્તના ઉંડાણમાં ઉતરીને નિર્ણય લેવાની પરંપરા ભાજપ શાસકોએ ચાલુ રાખતા આજે પણ એજન્ડા પર રહેલી ૨૫ પૈકી અડધાથી વધુ દરખાસ્તોના ઓપરેશન કરી નાંખવામાં આવ્યા છે.

નવી બોડીની ટર્મ શરૂ થઇ ત્યારથી દરખાસ્તોના અભ્યાસ, પરત, નામંજૂર, પેન્ડીગ સહિતની પ્રક્રિયાઓ અવારનવાર થતી આવી છે ત્યારે આજે એક સાથે આઠ દરખાસ્ત પરત કરવાનો પણ નવો રેકોર્ડ બની ગયો છે. આ સાથે જ નવી ટર્મમાં ભાજપ શાસકો અને કમિશ્નરના વહીવટી તંત્ર વચ્ચે સંપૂર્ણ સર્વ સંમતિ સ્થપાતી નહી હોવાનું ચિત્ર ફરી ઉપસ્યું છે.

મનપામાં નવી બોડીએ કરોડો રૂપિયાના વિકાસ કામોને બ્રેક મારી છે ત્યારે અગાઉના દાયકાઓમાં જે રીતે કમિશનર અને પદાધિકારીઓ સંકલન કરીને દરખાસ્તો મંજૂર કરતા આવ્યા છે તે વાતાવરણ હવે સંપૂર્ણ બદલાઇ ગયું છે. આજે ડઝનથી વધુ દરખાસ્તના ઓપરેશન પરથી હજુ સંકલનથી બંને પાંખ વચ્ચે નિર્ણયો લેવાનું પ્લેટફોર્મ તૈયાર થયું નથી તેવું ખુદ ભાજપના કોર્પોરેટરોને પણ લાગ્યું છે!

આજે સ્થાયી સમિતિની મળેલી મીટીંગમાં રેસકોર્સ સંકુલ હસ્તકના વિવિધ મેદાનો તથા સ્નાનાગારો ખાતે હાઉસ કીપીંગ કામગીરીનો દ્વિવાર્ષિક કોન્ટ્રાકટ ૧.૧૮ કરોડના ખર્ચે આપવાની દરખાસ્ત અને કાલાવડ રોડ તથા પેડક રોડ સ્થિત સ્વીમીંગ પુલ પાસેના જીમના સંચાલન ખાનગી એજન્સીને સોંપવાની દરખાસ્તો નામંજૂર કરી દેવામાં આવ્યાનું મીટીંગ બાદ સ્ટે.ચેરમેન પરેશ પીપળીયાએ જણાવ્યું હતું.

તેમણે કહ્યું હતું કે, રેસકોર્સ સંકુલમાં સફાઇની વ્યવસ્થા, પગાર, કામદારોની સંખ્યા અંગે વિગતો મંગાવવામાં આવી છે. તો જીમનું સંચાલન કેન્સ જીમને સોંપવાથી ૬.૫૦ લાખની આવકનો અંદાજ અધિકારીઓએ દેખાડયો હતો. તેના બદલે હવે અપસેટ આવક ૮ લાખની રાખવા અને ફરીથી ટેન્ડર પ્રક્રિયા કરવા આદેશ આપવામાં આવ્યો છે. દરખાસ્ત પરતઃમીટીંગમાં આઠ દરખાસ્તો વધુ વિગતો માંગવા સાથે પરત કરી દેવામાં આવી છે. શહેરમાં સ્ટ્રીટ લાઇટ સુવિધા આપવાની નીતિમાં કોર્પોરેટરોની ગ્રાન્ટમાંથી પાંચ લાઇટની લીમીટ હટાવવાની દરખાસ્ત પરત કરાઇ છે. વેસ્ટ ઝોનમાં ૨.૪૪ કરોડના ખર્ચે અલગ અલગ સ્થળે પે એન્ડ યુઝ તથા ટોયલેટ બ્લોક અને આંગણવાડીના કામ કયાં કયાં અને કેટલા કરવાના છે તે વિગતો મંગાવવામાં આવી છે. હર ઘર તિરંગા-૨૦૨૬ અભિયાનમાં તિરંગા માટે ૯ લાખના ખર્ચે શોર્ટ ટેન્ડરથી સ્ટીક ખરીદી કરવામાં આવી હતી. ટેન્ડર કાર્યવાહી છતાં તેમાં વધુ વિગતો શાસકોએ મંગાવી છે.

પ્રદ્યુમન પાર્ક ઝુના લાયન સફારી પાર્કમાં એન્ટ્રન્સ પ્લાઝા સહિતની સુવિધાઓ વધારવા ૭.૯૪ કરોડનું રીવાઇઝ ખર્ચ મંજૂર કરવાને બદલે વધુ સંપૂર્ણ વિગતો સાથે પરત કરી દેવામાં આવી છે. રેસકોર્સ મેળાનું ગ્રાઉન્ડ, રીગ રોડની બંને સાઇડ પાર્ટટાઇમ સફાઇ કામદારો મારફત ૧.૧૨ કરોડના ખર્ચે સફાઇનો દ્વિવાર્ષિક કોન્ટ્રાકટની દરખાસ્ત પણ પૂરી વિગતો માંગી પરત કરી દેવામાં આવી છે.

આ જ રીતે લાયબ્રેરીમાં હાઉસકીપીગ, કોર્પો.ના જુદા જદા બિલ્ડીગમાં એ.સી., વોટર કુલર, સર્વિસ, રીપેરીગ, ખરીદીના ૯૬.૭૬ લાખના કોન્ટ્રાકટની દરખાસ્ત અને નવા સેન્ટ્રલ લાઇટીંગ, ગાર્ડન લાઇટીગ સહિતના ૫.૭૨ કરોડના કોન્ટ્રાકટ આપવાની દરખાસ્ત પણ પરત કમિશ્નરને મોકલી દેવામાં આવી છે. આ સિવાય સેન્ટ્રલ ઝોન-૧ અને ૨ તથા વેસ્ટ ઝોનના બગીચા, પાર્ક, બાલક્રિડાંગણની જાળવણીના ત્રણ કોન્ટ્રાકટ અઢી કરોડથી વધુના ખર્ચે મંજૂર તો કરવામાં આવ્યા છે પરંતુ બહાલી માટે અલગથી દરખાસ્ત રજૂ કરવાની નોંધ મુકવામાં આવી છે.

# રાજકોટ જિલ્લામાં "આપણી આંગણવાડી આપણી જવાબદારી" થીમ અંતર્ગત 'રાષ્ટ્રીય પોષણ માહ'ની ઉજવણીનો આરંભ

## પોષણ સૂચકાંકોમાં સુધારો કરવા માટે દેશભરમાં યોજાશે વિવિધ કાર્યક્રમો

રાજકોટઃ

સમગ્ર દેશ સાથે રાજકોટ જિલ્લામાં પણ તા.૦૯ સપ્ટેમ્બરથી તા.૦૮ ઓક્ટોબર સુધી પોષણ માહની ઉજવણીનો પ્રારંભ થયો છે. પોષણ સૂચકાંકોમાં સુધારો કરવા માટે દેશભરમાં પોષણ-કેન્દ્રિત સંવેદનશીલતા વધારવા 'આપણી આંગણવાડી આપણી જવાબદારી' થીમ સાથે એક માસ સુધી આ જન અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. રાજકોટ જિલ્લા કલેકટર કચેરી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ઉપસ્થિતોએ ઉત્તરપ્રદેશના વારાણસીથી રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.

આ પોષણ માસ દરમિયાન આંગણવાડીમાં આહારની વિવિધતા અને પર્યાપ્ત પ્રોટીન, આંગણવાડીમાં બાળકોને તાજું અને ગરમ રાંધેલું પૌષ્ટિક ભોજન પૂરું પાડવું, પોષણ અભિયાનમાં સમગ્ર સમાજની સક્રિય ભાગીદારી તથા જવાબદારી સુનિશ્ચિત કરવી, બાળકોના શારીરિક અને માનસિક વિકાસ માટે યોગ્ય પોષણ, પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના અંતર્ગત માતાના સ્વાસ્થ્ય માટે પ્રોત્સાહન સહિતના વિષયો પર કાર્યક્રમોનું આયોજન કરાયું છે. વિશેષમાં સ્વાસ્થ્ય મેળા, સ્વસ્થ અને વૈવિધ્યસભર રેસિપીનું પ્રદર્શન, આંગણવાડી ખાતે સાપ્તાહિક મેનુ રોટેશન, ગરમ રાંધેલા ભોજનનું નિદર્શન, પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના અંતર્ગત ૧૦૦ ટકા નોંધણી ઝુંબેશનો પ્રારંભ કરાયો છે.

આ કાર્યક્રમમાં જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારી શ્રી જનકસિંહ ગોહિલ, જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી તૃપ્તિબેન પટેલ, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી દીક્ષિત પટેલ, જિલ્લા રમત વિકાસ અધિકારી શ્રી રમાબેન મદ્રા, જિલ્લા આરસીએચઓ શ્રી પરેશ જોશી સહિતના અધિકારીશ્રીઓ, આઇસીડીએસ વિભાગના કર્મચારીશ્રીઓ સહિત નોડલ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી દરમિયાન ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથ સહિત ઉપસ્થિત મહાનુભાવોએ વિવિધ રાજયોની આંગણવાડી બહેનો સાથે સંવાદ સાધ્યો હતો, જેમાં મહિલા અને બાળ વિકાસ વિભાગના કેન્દ્રીય મંત્રી શ્રીમતિ અન્નપૂર્ણા દેવીજીએ ગાંધીનગરની આંગણવાડીમાં ફરજ બજાવતાં આંગણવાડી બહેન શ્રી ભાવનાબેન સાથે સંવાદ કરી તેમની કામગીરીને બિરદાવી હતી.

# મંડાલાઓ એલિફન્ટ કન્ઝર્વેશન અને વંતારા વચ્ચે કરારઃ લાઓસમાં હાથી સંરક્ષણ કાર્યક્રમ શરૂ

મંડાલાઓ (લાઓસ) :

પશુચિકિત્સા (વેટરનરી) ક્ષમતાનો વિસ્તાર કરવો, જરૂરિયાતમંદ હાથીઓને નિવૃત્તિ અને આજીવન સંભાળ પૂરી પાડવી અને લાઓસના જંગલી હાથીઓની વસ્તીનું સંરક્ષણ કરવું.મુખ્ય પહેલ અને તાત્કાલિક પગલાંઇમરજન્સી સેવાઓ અને સંભાળ emergency sevao ane sambhalરેપિડ રિસ્પોન્સ ટીમઃ લાઓસ સરકારના પ્રતિનિધિઓની હાજરીમાં 'એલિફન્ટ રેપિડ રિસ્પોન્સ ટીમ'નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. વંતારાએ એક સંપૂર્ણ સજ્જ મોબાઈલ વેટરનરી યુનિટ પૂરું પાડ્યું છે જે સમગ્ર લાઓસમાં બીમાર અને ઈજાગ્રસ્ત હાથીઓને સારવાર આપશે.વિશેષ હોસ્પિટલઃ કટોકટીની સારવાર, લાંબા ગાળાની સંભાળ અને પુનર્વસન માટે એક વિશેષ હાથી હોસ્પિટલની સ્થાપના કરવામાં આવશે.મહત્વપૂર્ણ રેસ્ક્યૂ (માય ખામનોય):




૪૩ વર્ષીય માદા હાથી 'માય ખામનોય'ને બચાવીને મંડાલાઓ ખાતે લાવવામાં આવી છે. તેણીએ પોતાનું આખું જીવન લાકડાં વહન કરવાના ભારે કામમાં અને પ્રવાસીઓને સવારી કરાવવામાં વિતાવ્યું હતું. હવે તેને યોગ્ય નિવૃત્તિ, પૌષ્ટિક આહાર અને અન્ય હાથીઓ સાથે રહેવાનું વાતાવરણ મળશે.સ્થાનિક તાલીમઃ વંતારા અને મંડાલાઓની ટીમોએ ૧૨ હાથીઓ માટે હેલ્થ કેમ્પ યોજ્યો હતો. આ પ્રોગ્રામ હેઠળ સ્થાનિક વેટરનરી ડૉક્ટરો અને સંભાળ રાખનારાઓને વિશેષ તાલીમ પણ આપવામાં આવશે.જંગલી હાથીઓનું સંરક્ષણ અને સ્થિતિલાઓસમાં હાથીઓની વર્તમાન સ્થિતિ laos ma hathio ni vartaman sth સ્થિતિઃ લાઓસ, જેને એક સમયે 'દસ લાખ હાથીઓની ભૂમિ' કહેવામાં આવતી હતી, ત્યાં હવે માત્ર આશરે ૪૦૦ જંગલી હાથીઓ અને ૪૦૦થી વધુ પાળતુ/કેદમાં રહેલા હાથીઓ બચ્યા છે. દર વર્ષે જન્મતા ૧-૨ હાથીઓની સામે લગભગ ૧૦ હાથીઓના મૃત્યુ થાય છે.જંગલી હાથીઓનું રક્ષણઃ આ ભાગીદારી જંગલી હાથીઓની વસ્તી સુધારવા, તેમના કુદરતી આવાસની જાળવણી કરવા, માનવ-હાથી સંઘર્ષ ઘટાડવા અને શિકાર અટકાવવા માટે સ્થાનિક સમુદાયો અને સત્તાવાળાઓ સાથે મળીને કામ કરશે.નોંધઃ લાઓસના હાથીઓને તેમના જ દેશમાં બહેતર જીવન અને સારવાર મળે તે માટે આંતરરાષ્ટ્રીય સ્તરે વંતારા (ગુજરાત) દ્વારા આ મહત્વપૂર્ણ ટેકનિકલ અને વેટરનરી સહયોગ પૂરો પાડવામાં આવ્યો છે.

### કમિશ્નર તુષાર સુમેરાના ધ્યાને નબળાઇ પકડાતા આકરૂ પગલુ

# નવા બ્રીજના કામમાં ઘોર બેદરકારી : બે ઈજનેર સસ્પેન્ડ : મનપામાં સોંપો

રાજકોટઃ

રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા નવા રીંગ રોડ પર ૪૦ કરોડના ખર્ચે અલગ અલગ ત્રણ બ્રીજના ચાલતા કામ (વાઇડનીંગ)ની ગુણવત્તાની કમિશ્નરે સરપ્રાઇઝ ચકાસણી કરતા અધિકારીઓની ઘોર બેદરકારી પકડાઇ છે.આ બેજવાબદારી બદલ કમિશ્નરે વોર્ડ નં.૯ના ના.કા. ઇજનેર અને આસી.ઇજનેરને તત્કાલ સસ્પેન્ડ કરી દેતા કોર્પો.ની ઇજનેરી પાંખમાં ખળભળાટ મચી ગયો છે. તો ડે.કમિશ્નર અને ઇન્ચાર્જ સીટી ઇજનેરને પણ કારણદર્શક નોટીસ ફટકારવામાં આવી છે.

નવા રીંગ રોડને દોઢસો ફુટનો બનાવવાની કામગીરી મનપા અને રૂડા તંત્ર દ્વારા ચાલી રહી છે ત્યારે અલગ અલગ જગ્યાએ નવા બ્રીજ અને હયાત બ્રીજ પહોળા કરવાની કામગીરી પણ મુંજકાથી ગોંડલ રોડ તરફ ચાલી રહી છે. આ કામની વિઝીટમાં બેદરકારી પકડાતા હવે પ્રોજેકટની ગુણવત્તા જાળવવા કમિશ્નર જાતે કામની ડેડલાઇન ધ્યાને રાખી સીધુ સુપરવિઝન રાખશે તેવું પણ જાહેર કર્યુ છે.

મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ નવા ૧૫૦ ફૂટ રિંગ રોડ પર રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નિર્માણાધીન ત્રણ બ્રિજની રૂબરૂ સ્થળ મુલાકાત કરી હતી. સ્થળ મુલાકાત દરમિયાન બ્રિજની કામગીરીની પ્રગતિ, ગુણવત્તા, મેનપાવર, સાઇટ મોનીટરીંગ તથા સમયમર્યાદા અંગે વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી.કમિશ્નર દ્વારા ત્રણેય બ્રિજમાં કામગીરી અંગે ખામીઓ માલૂમ પડતાં મહાનગરપાલિકામાં કાર્યરત



પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ (પીએમયુ)ને સર્વે કરવા સૂચના આપવામાં આવી હતી.

પીએમયુ દ્વારા નવા ૧૫૦ ફૂટ રિંગ રોડ પર નિર્માણાધીન ત્રણ બ્રિજના પ્રોજેક્ટનો સર્વે કરાવવામાં આવતા ગંભીર ભૂલો અને ખામીઓ ધ્યાને આવી હતી. વોર્ડ નં.૯ના નાયબ કાર્યપાલક ઈજનેર (સિવિલ) વિજય સી. કારીયા અને આસીસ્ટન્ટ એન્જીનીયર (સિવિલ) વિશાલ એમ. વાગડીયાને તેમના વોર્ડ વિસ્તારમાં ૧૫૦ ફૂટ બીજા રીંગ રોડ ઉપર કુલ ૩ બ્રીજ વાઇડનીંગ કામગીરીનું સુપરવિઝન, મોનીટરીંગ અને દેખરેખની કામગીરી સુપ્રત કરવામાં આવેલ છે.

કમિશનર દ્વારા તા.૭ના રોજ વોર્ડ નં.૯નાં વિસ્તારમાં ચાલુ વિકાસનાં કામો માટે સાઈટ વિઝીટ કરવામાં આવેલ હતી જેમાં નવા રીગ રોડ ઉપર ત્રણ બ્રીજની ચાલતી કામગીરીની ચકાસણી કરતા વર્કમેનશીપનો સ્પષ્ટ અભાવ જણાયેલ હતો. તેમજ પીએમયુના આવેલ રિપોર્ટ મુજબ આ પ્રોજેક્ટની કામગીરીમાં ગંભીર પ્રકારની બેદરકારી દાખવાયેલ હોવાનું સાબિત થયું હતું.આ તપાસ અને રીપોર્ટ પરથી વોર્ડ નં.૯માં ના.કા. ઈજનેર વિજય સી. કારીયા અને આસી.એન્જી. વિશાલ એમ. વાગડીયાની કામગીરીમાં વર્કમેનશીપનો સ્પષ્ટ અભાવ અને ફરજ પ્રત્યેની ગંભીર બેદરકારી શીથીલતા અને નિષ્કાળજી દાખવેલ હોવાનું ફલીત થતાં તાત્કાલિક અસરથી ફરજોમાંથી સસ્પેન્ડ કરવાનો હુકમ કરવામાં આવ્યા છે તેમ કમિશ્નર તુષાર સુમેરાએ જણાવ્યું હતું.ઉપરાંત વેસ્ટ ઝોનના નાયબ મ્યુનિસિપલ કમિશનર ચેતન નંદાણી અને સિટી એન્જિ. કુંતેશ મહેતાને કારણદર્શક નોટિસ આપીને ખુલાસો પુછાયાનું પણ તેઓએ કહ્યું હતું.

# રાજકોટ-મુંદ્રાની હવાઈ સફર વધુ મોંઘી : એર ટેકસીના એર ફેરમાં ત્રણ ગણો વધારો થયો

## ભાડુ રૂા.૫૦૦માંથી રૂા.૨૦૦૦ પહોંચ્યુ : ૯ દિવસ બાદ એકાએક ભાડુ વધાર્યું

રાજકોટઃરાજકોટ-મુંદ્રા વચ્ચે શરૂ થયેલી હવાઈ સેવા વધુ મોંઘી થઈ છે. કંપનીએ એરફેરમાં ત્રણ ગણો વધારો કરતા રાજકોટથી હવાઈ માર્ગે મુંદ્રા પહોંચવું વધુ મોંઘુ બન્યું છે. એર ટેકસી એર લાઈન્સ કંપની દ્વારા આંતર જીલ્લાઓમાં હવાઈ સેવા પુરી પાડવા માટે ગત તા.૨૮ ઓગષ્ટથી મુંદ્રા-રાજકોટ, મુંદ્રા-જામનગર, મુંદ્રા-દીવ, મુંદ્રા-વડોદરાની સેવા શરૂ કરી હતી.



પ્રારંભીક સેવામાં રાજકોટ-મુંદ્રા વચ્ચેનું એરફેર માત્ર રૂા.૫૦૦ હતું. ૯ દિવસ બાદ રૂા.૫૦૦માંથી સીધુ રૂા.૨૦૦૦ થતા એરફેરમાં ત્રણ ગણો વધારો થયો છે. નવા ભાવનું બુકિંગ ગત તા.૭મી સપ્ટેમ્બરથી અમલી કરવામાં આવ્યું છે.

રાજકોટ-મુંદ્રા વચ્ચે આ એર ટેકસી સપ્તાહમાં સોમ, ગુરૂ, શુક્ર અને શનિવારે ૪ દિવસ ઉડાન શરૂ છે. રાજકોટ, મોરબી, જામનગર જિલ્લાના ઉદ્યોગકારો-બિઝનેશમેન માટે આ હવાઈ સેવા ઉપયોગી બની છે. પર્યટન સ્થળ દીવ જવા માટે પ્રવાસીઓને ઝડપી મુસાફરી સાથે સમયની બચત થાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકોટના ઈન્ટરનેશનલ એરપોર્ટમાં ઈન્ડિગો, એર ઈન્ડિયા સાથે એર ટેકસીની હવાઈ સેવા ઉપલબ્ધ છે. જેમાં રાજકોટથી મેટ્રો શહેર મુંબઈ, નવી મુંબઈ, દિલ્હી, બેંગ્લોર, હૈદરાબાદ, પૂનાની સીધી ફલાઈટનું ઉડ્ડયન છે.

જયારે આંતર જિલ્લા માટે રાજકોટ-સુરત અને રાજકોટ-મુંદ્રા વચ્ચે નાના વિમાનોનું ઉડ્ડયન હોવાથી ઉદ્યોગકારો, બિઝનેશમેન, દેશ-વિદેશમાં ઉચ્ચ ભ્યાસ કરતા સ્ટુડન્ટ, એનઆરઆઈ પ્રવાસીઓ અને મુસાફરો હવાઈ સેવાનો લાભ લઈ રહ્યા છે. દિવસભર નાના-મોટા ૧૨-૧૪ વિમાનોના આવાગમનથી ઈન્ટરનેશનલ એરપોર્ટ ધમધમી રહ્યું છે.

# કોઈ સરકારી પરમિશન કે મંજૂરી વિના રેલ્વે જંકશન પાસે 'બિલ્ડરે' જાહેર માર્ગ જ બંધ કરી દિધો!

રાજકોટઃ રાજકોટના રેલ્વે જંકશન પાસે આવેલ ભાટીયા બોડ'ગ તથા ધર્મશાળાની વચ્ચે આવેલ જાહેર માર્ગ જ બિલ્ડરે દરવાજો મૂકી બંધ કરી દેતા સ્થાનિકો અને વેપારીઓમાં રોષ ફાટી નિકળેલ છે. અને તાત્કાલિક આ રોડ ખુલ્લો કરાવી દેવા માંગ ઉઠાવી છે.

આ પ્રશ્ને ગાયકવાડી-૨માં રહેતા યુનુસ હુસેનભાઈ જુણેજાએ સ્થાનિકો અને વેપારીઓ વતી અવાજ ઉઠાવ્યો છે. અને આ સમગ્ર બાબત મ્યુ.કમિશનરના ધ્યાને મુકી તાત્કાલિક બંધ કરી દેવાયેલો રોડ ખુલ્લો કરવા રજૂઆત કરતા જણાવેલ છે કે ભાટીયા ધર્મશાળામાં બાંધકામ કરી રહેલ બિલ્ડર દ્વારા આ જાહેર માર્ગ બંધ



કરી દેવામાં આવેલ છે.

આ માર્ગ માટે સ્થાનિક વેપારી તથા લોકો દ્વારા બિલ્ડરને રજૂઆત કરેલ કે આ જાહેર માર્ગ શા માટે બંધ કરેલ છે તો બિલ્ડર દ્વારા ઉધ્ધત વર્તન કરી જણાવેલ કે અમારી મરજીથી આ જાહેર માર્ગ બંધ કરેલ છે.

અમારે આ માર્ગ બંધ કરવા કોઈની પરમીશનની જરૂર નથી તમને જ્યાં ઠીક લાગે ત્યાં ફરીયાદ કરો. તમારી ફરીયાદ કોઈ સાંભળશે નહી. કેમ કે અમારા આર્થીક વહેવાર થતા હોય છે. તમારી પાસે ફૂદીકોડી પણ આપવાની ત્રેવડ નથી તો તમારૂ સાંભળશે કોણ? આવો ગેરવ્યાજબી જવાનો બિલ્ડીર આપે છે.

સત્વરે આ રસ્તો ખોલાવવો. રજૂઆતકર્તાના જણાવ્યા મુજબ બિલ્ડર દ્વારા કરાતી દાદાગીરી લોકો સાંખી નહી લે જાહેર માર્ગને જ કોઈ મંજુરી પરમીશન વિના કેમ બંધ કરી શકાય? આ પ્રશ્ર્નનો તાત્કાલિક હલ લાવવો જરૂરી છે.

# રવિવારે રાજકોટમાં જીપીએસસીની પરીક્ષાઃ કુલ ૪ પરીક્ષા કેન્દ્રો પર વ્યવસ્થા

## નેશનલ ડિફેન્સ એકેડેમી , નેવેલ એકેડેમી તથા કમ્બાઈન્ડ ડિફેન્સ સર્વિસ પરીક્ષાનું આયોજન

રાજકોટ,રાજકોટ ખાતે આગમી તા ૧૩ સપ્ટેમ્બરના રોજ યુપીએસસી દ્વારા નેશનલ ડિફેન્સ એકેડેમી , નેવેલ એકેડેમી તથા કમ્બાઈન્ડ ડિફેન્સ સર્વિસ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. રાજકોટ શહેરની વિવિધ શાળા-કોલેજો ખાતેના કુલ ૪ પરીક્ષા કેન્દ્રો પર આ પરીક્ષા બે શિફ્ટમાં લેવામાં આવશે. જેમાં પ્રથમ શિફ્ટ સવારે ૧૦:૦૦ થી બપોરે ૧૨:૩૦ અને બીજી શિફ્ટ બપોરે ૧૪:૦૦ થી સાંજે ૧૬:૩૦ વાગ્યા દરમિયાન યોજાશે.આ પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓ કોઈપણ જાતની ખલેલ વગર શાંતિપૂર્ણ અને ભયમુક્ત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા દ્વારા એક વિશેષ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. પરીક્ષા કેન્દ્રો આસપાસ વિવિધ પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

જાહેરનામા અનુસાર, તારીખ ૧૩/૦૯/૨૦૨૬ના રોજ સવારે ૦૯:૦૦ થી સાંજે ૧૮:૦૦ વાગ્યા સુધી તમામ પરીક્ષા કેન્દ્રો અને તેની આસપાસના વિસ્તારમાં તેમજ પરીક્ષા કેન્દ્રની કમ્પાઉન્ડની ચારેય બાજુ ૧૦૦ મીટરની ત્રિજયામાં અનધિકૃત વ્યક્તિઓના પ્રવેશ, ચાર કે તેથી વધુ વ્યક્તિઓના એકઠા થવા તથા વાહનો લાવવા કે લઈ જવા પર સજ્જડ પ્રતિબંધ રહેશે. પરીક્ષાર્થીઓ કે સુપરવાઈઝરો પરીક્ષા ખંડમાં મોબાઈલ ફોન, ટેબ્લેટ, આઈ-પેડ, સ્માર્ટ વોચ, બ્લૂટૂથ કે અન્ય કોઈ ડિજિટલ ઉપકરણો તેમજ પુસ્તકો કે સાહિત્ય લઈ જઈ શકશે નહીં. શાંત વાતાવરણ જાળવવા માટે પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજયામાં લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ રહેશે. સ્થળ સંચાલક, સુપરવાઈઝર, સરકારી પ્રતિનિધિ અને સ્ટાફે ચકાસણીપાત્ર ઓળખકાર્ડ પહેરવું ફરજિયાત રહેશે. પોલીસ કમિશનરે સ્પષ્ટ જણાવ્યું છે કે આ જાહેરનામાના ભંગ કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા તથા ગુજરાત પોલીસ એકટની મુજબ કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

# ઘરે ચા પીવાનાં બહાને બહેનપણીએ મોકો જોઈ ૬.૫૦ લાખના દાગીના ચોર્યા



રાજકોટ : આજી ડેમ ચોકડી નજીક પીઠડ આઈ સોસાયટી શેરી નં.૧માં રહેતા ભાવનાબેન ભીમજીભાઈ ચૌહાણ (ઉ.વ.૩૩)ના ઘરે ચા પીવાના બહાને આવેલી બહેનપણી કાજલ દિપકભાઈ વાઘેલા (રહે. ગંજીવાડા)એ મોકો જોઈ રૂા.૬.૫૦ લાખની કિંમતના દાગીના ચોરી ગયાની ફરિયાદ નોંધાતા આજી ડેમ પોલીસે આરોપી મહિલાને સકંજામાં લઈ પૂછપરછ હાથ ધરી છે.

ફરિયાદમાં ભાવનાબેને જણાવ્યુ કે, ગત તા.૧૭ ઓગસ્ટના રોજ તેની તબિયત સારી ન હોવાથી ઘરે હતા ત્યારે તેની નાનપણની બહેનપણી કાજલ ઘરે આવતા તેને રૂમમાં બેસાડી હતી. તેણે ચા પીવી છે કહેતા ઘરમાં દૂધ ન હોવાથી તે દૂધ લેવા માટે બહાર ગયા બાદ પરત આવ્યા ત્યારે રૂમનો દરવાજો અંદરથી બંધ હતો. દરવાજો ખખડાવતા કાજલે હું કપડા બદલાવું છું, થોડી વાર લાગશે, કહેતા તે રસોડામાં ચા બનાવવા જતા રહ્યા હતા. થોડીવાર બાદ તે રૂમમાંથી બહાર આવી ચા પીધા બાદ થોડીવાર રોકાઈ હતી.

આ સમયે પતિ ઘરે આવતા તેની સાથે દવા લેવા જવાનું કહેતા કાજલે હું પણ જાવ છું કહીને ઘરેથી નીકળી ગઈ હતી. ત્યારબાદ ગઈ તા.૩૦ ઓગસ્ટના રોજ જેઠની પુત્રીની સગાઈના પ્રસંગમાં પહેરવા માટે સોનાનો હાર લેવા માટે કબાટ ખોલતા હાર જોવા ન મળતા ઘરમાં તપાસ કરતા હાર જોવા ન મળતાં ચોરી થઈ હોવાની ખબર પડી હતી.બાદમાં તેણે તપાસ કરતા આરોપી કાજલે કાથરોટા ગામે રહેતી બહેનપણી વૈશાલી મકવાણાના ઘરમાંથી અને બીજી બહેનપણી મનીષા સારદીયાના ફઈના ઘરમાંથી સોના-ચાંદીના દાગીના તેમજ રૂપિયા ચોરી કર્યાનું માલુમ પડતા ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપી કાજલને સકંજામાં લઈ મુદ્દામાલ કબજે કરવા તજવીજ હાથ ધરી છે.

જયારે બીજા બનાવમાં ભગવતીપરા મેઈન રોડ પર આવેલા જયપ્રકાશનગરમાં રહેતા ૪૫ વર્ષીય ધનજીભાઈ વાઘેલા લાંબા સમયથી માનસિક બીમારીથી કંટાળી એક મહિના પહેલાં ઝેરી દવા પી લીધી હતી જેથી તેને ગંભીર હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જયાં સારવાર દરમિયાન તેનું મોત નિપજતા બી ડિવિઝન પોલીસે મૃતદેહને પોસમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

# ભાજપ vs ભાજપની લડાઈ:લોધિકા ખરીદ-વેચાણ સંઘની ચૂંટણીમાં મેન્ડેટ વગરના બે ઉમેદવાર જીત્યા,બળવાખોર જૂથ ભારે પડ્યું

## પરિણામોએ પક્ષીય શિસ્ત પર સવાલો ઊભા કર્યા, ભાજપના મેન્ડેન્ટ વિરુદ્ધ ચૂંટણી લડીને મેળવ્યો વિજય, રાદડિયાએ અગાઉ પણ ભાજપના ધજાગરા ઉડાવ્યા હતા





રાજકોટ :એશિયાના સૌથી મોટા ગણાતા રાજકોટ લોધિકા ખરીદ વેચાણ સંઘની ચૂંટણીમાં ભાજપ સામે જ ભાજપના નેતાઓએ વિગુલ ફૂંકીને પક્ષીય વ્હિપના ધજાગરા ઉડાડી દીધા હતા. ગાંધીનગરથી લઈને દિલ્હી હાઈકમાન્ડ સુધી ભારે લોબિંગ અને જિલ્લા ભાજપ સંગઠનના પ્રયાસો છતાં બળવો શમ્યો નહોતો. પરિણામે ભાજપના જ બે દિગ્ગજ નેતાઓ જયેશ રાદડિયા અને પ્રશાંત કોરાટના જૂથો સામસામે આવી જતાં વર્ચસ્વની લડાઈમાં આખરે રાદડિયા જૂથનો જંગી દબદબો સાબિત થયો છે.

સંઘની ૧૦ બેઠકો અગાઉ જ બિનહરીફ થઈ ચૂકી હતી, જ્યારે બાકીની ૫ બેઠકો પર ખરાખરીનો જંગ ખેલાયો હતો. આ પાંચ બેઠકો માટે ભાજપ પ્રદેશ નેતૃત્વ દ્વારા અધિકૃત ઉમેદવારો જાહેર કરીને તમામ સભ્યોને અધિકૃત જાહેરાત કરવામાં આવી હતી. જો કે પક્ષના મેન્ડેન્ટ અને વ્હિપનો અનાદર કરીને ચૂંટણી મેદાનમાં ઉતરેલા ઉમેદવારોએ જંગી જીત મેળવી પક્ષીય શિસ્તના નામે મોટા સવાલો ઊભા કર્યા છે.

કઈ બેઠક પર કોણ જીત્યું અને વ્હિપની શી અસર થઈ?:માધાપર જૂથ બેઠક: ભાજપના અધિકૃત ઉમેદવાર પૃથ્વીસિંહ જાડેજા (ઘોઘુભા) સામે પક્ષથી નારાજ થઈને બળવો કરનારા વિજય સખિયાએ જીત હાંસલ કરી છે. ચૂંટણી પૂર્વે વિજય સખિયાએ સ્વખર્ચે પોલીસ પ્રોટેક્શન પણ માગ્યું હતું.કુવાડવા જૂથ બેઠક: પૂર્વ મંત્રી અરવિંદ રૈયાણી સામે પક્ષના વ્હિપ વિરુદ્ધ જઈને ઉમેદવારી નોંધાવનાર નીતિન ચોવટિયા વિજેતા બન્યા છે.ત્રંબા જૂથ બેઠક: આ બેઠક પર ભારે રસાકસી બાદ ટાઈ પડતાં આખરે ચિઠ્ઠી ઉપાડીને નિર્ણય લેવામાં આવ્યો હતો, જેમાં નીતિન રામાણી વિજેતા જાહેર થયા હતા.હલેન્ડા જૂથ બેઠક: આ બેઠક પર ભાજપના અધિકૃત ઉમેદવાર મહેશ આસોદરિયા પોતાની બેઠક જાળવી રાખવામાં સફળ રહ્યા છે.ખોખડદડ જૂથ બેઠક: રાદડિયા વિરોધી જૂથના માનવામાં આવતા બાબુ નસીતે એક મતદારની ગેરહાજરી વચ્ચે આ બેઠક પર જીત નોંધાવી છે.

ચૂંટણીના પરિણામો દર્શાવે છે કે પાંચમાંથી ત્રણ બેઠકો પર ભાજપના વ્હિપનો ખુલ્લેઆમ અનાદર થયો છે. સ્થાનિક નેતાગીરી અને સંઘ પર પ્રભુત્વ મેળવવાની લડાઈમાં પ્રદેશ નેતૃત્વનું ડેમેજ કંટ્રોલ તદ્દન નિષ્ફળ નીવડ્યું છે. આ પરિણામોથી સાબિત થાય છે કે નાના ગણાતા સહકારી ક્ષેત્રમાં પણ રાજકીય વર્ચસ્વ જાળવી રાખવા માટે ભાજપ વિરુદ્ધ બળવાનો સૂર વધુ ઉગ્ર બન્યો છે.

સૌથી વધુ ચર્ચિત બનાવ ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર કોઓપરેટિવ લિમિટેડ ની ડિરેક્ટર પદની ચૂંટણી દરમિયાન બન્યો હતો. ભાજપ સંગઠન દ્વારા આ ચૂંટણી માટે અન્ય નેતાને અધિકૃત ઉમેદવાર તરીકે પસંદ કરવાના સંકેતો આપ્યા હતા અથવા મેન્ડેન્ટ બિન-સત્તાવાર રીતે નક્કી કરાયો હતો. તેમ છતાં, જયેશ રાદડિયાએ પક્ષીય આદેશો કે નેતૃત્વની સૂચનાઓની પરવા કર્યા વિના ડિરેક્ટર પદ માટે પોતાની ઉમેદવારી નોંધાવી હતી. તેમણે સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતના સહકારી વિજ્ઞાનીઓ તેમજ ડેલીગેટ્સનો સંપર્ક સાધીને મોટું સમર્થન મેળવ્યું હતું.

ઈફ્કોની આ હાઈપ્રોફાઈલ ચૂંટણીમાં જયેશ રાદડિયા સામે ભાજપના જ અન્ય જૂથ અને સંગઠન સમર્થિત ઉમેદવાર મેદાનમાં હતા. ભાજપના મોવડીમંડળ દ્વારા ડેમેજ કંટ્રોલ કરવાના અનેક પ્રયાસો કરવામાં આવ્યા હોવા છતાં રાદડિયા પાછા હટ્યા નહોતા. ચૂંટણીના પરિણામો આવ્યા ત્યારે જયેશ રાદડિયાએ જંગી મતોથી વિજય હાંસલ કરીને ભાજપના સત્તાવાર ઉમેદવારને ધૂળ ચાટતા કર્યા હતા. આ જીત સાથે તેમણે સાબિત કરી દીધું હતું કે સૌરાષ્ટ્રના સહકારી ક્ષેત્રમાં ભાજપના વ્હિપ કે મેન્ડેન્ટ કરતાં તેમનું અંગત વર્ચસ્વ વધુ મજબૂત છે.

# ૧૫ વર્ષની સગીરા ઘરેથી નીકળી ગઈ:’મને શોધતા નહીં, માતાજીના સમ છે’ કહી ફોન કાપી નાખ્યો

## સુરત બસ સ્ટેન્ડ નજીકની હોટેલમાંથી કર્યો હતો ફોન,પોલીસે અપહરણની શંકા સાથે શોધખોળ તેજ કરી

રાજકોટ:રાજકોટ શહેરના આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી માત્ર ૧૫ વર્ષ અને ૯ મહિનાની એક સગીર વયની કિશોરી રહસ્યમય રીતે લાપતા થતાં ચકચાર મચી ગઈ છે. ઘરની સામે જ રહેતી સખીના ઘરેથી ચંપલ લેવા જવાનું કહીને નીકળેલી દીકરી મોડી સાંજ સુધી પરત ન ફરતાં ચિંતિત પરિવારે આસપાસના વિસ્તારોમાં શોધખોળ શરૂ કરી હતી. આ દરમિયાન સગીરાએ એક અજાણ્યા નંબર પરથી માતાને ફોન કરીને "મને શોધતા નહીં, તમને માતાજીના સમ છે" કહીને કૉલ કટ કરી દેતાં પરિવારજનો સ્તબ્ધ થઈ ગયા હતા. જે નંબર પરથી કૉલ આવ્યો હતો તે સુરત સેન્ટ્રલ બસ સ્ટેન્ડ નજીકની એક હોટેલના કર્મચારીનો હોવાનું ખૂલતાં રિક્ષાચાલક પિતાની ફરિયાદ પરથી આજીડેમ પોલીસે અપહરણનો ગુનો નોંધી સઘન તપાસ શરૂ કરી છે.

ઘટનાની વિગતો મુજબ, ગત ૭ સપ્ટેમ્બરના રોજ બપોરે આશરે ૨:૩૦ વાગ્યાની આસપાસ સગીરા ઘરેથી નીકળી હતી. ત્યારબાદ ૮ સપ્ટેમ્બરની મોડી રાત્રે આશરે ૧:૧૫ વાગ્યે પરિવારના મોબાઈલ પર એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો, જેમાં દીકરીએ અત્યંત ટૂંકી વાતચીતમાં પોતાને ન શોધવા બાબતે પરિવારને માતાજીના સમ આપી દીધા હતા. પરિવારે તાત્કાલિક તે જ નંબર પર ફરી સંપર્ક કરતાં સામેથી સુરત બસ સ્ટેન્ડ પાસે આવેલી એક હોટેલના કર્મચારીએ જણાવ્યું કે, આ કિશોરીએ ઘરે વાત કરવા માટે તેનો ફોન માંગ્યો હતો અને વાત પૂરી થતાં જ તે ત્યાંથી ક્યાંક ચાલી ગઈ હતી. પરિવારે સુરતમાં રહેતા સગા-સંબંધીઓ મારફતે હોટેલ તેમજ આસપાસના વિસ્તારોમાં તપાસ કરાવી હોવા છતાં તેનો કોઈ પત્તો મળ્યો નહોતો.

લાપતા થયેલી સગીરા આશરે સાડા ચાર ફૂટ ઊંચાઈ ધરાવે છે અને ઘરેથી નીકળી ત્યારે તેણે કાળા રંગનો પંજાબી ડ્રેસ પહેરેલો હતો. કોઈ અજાણ્યો શખ્સ સગીરાને લલચાવી, ફોસલાવી કે બદકામ કરવાના ઈરાદે ભગાડીને સુરત તરફ લઈ ગયો હોવાની પ્રબળ આશંકા સેવાઈ રહી છે. સમગ્ર મામલે આજીડેમ પોલીસ સ્ટેશનના પીઆઈ એચ. એન. પટેલના માર્ગદર્શન હેઠળ અલગ-અલગ ટીમો બનાવી સુરત બસ સ્ટેન્ડ અને રેલવે સ્ટેશન આસપાસના સીસીટીવી ફૂટેજ તેમજ ટેકનિકલ સર્વેલન્સના આધારે સગીરાને સુરક્ષિત શોધવા માટે તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

# પર્યુષણ પર્વ પર પ્રતિબંધ છતાં રાજકોટના ખાટકીવાસમાં ભેંસો કપાઈ

## ૮ સામે ગુનો:પકડાયેલા એક પણ ઈસમ પાસે લાઈસન્સ નથી

રાજકોટ:પર્યુષણ પર્વમાં કતલખાના પર પ્રતિબંધ વચ્ચે ખાટકીવાસમાં ભેંસ વંશના પશુઓની કતલ થતી હોવાની બાતમી મળતાં પ્રદ્યુમનનગર પોલીસની ઈન્વેસ્ટિગેશન સ્ક્વોડે દરોડો પાડ્યો હતો. ત્રણ મકાન અને એક રિક્ષામાંથી આશરે ૧૩૦૦ કિલો માંસ સહિત પશુઓના અવશેષો મળી આવ્યા હતા.

આ બનાવમાં, કંટ્રોલરૂમની વર્ધીના આધારે પોલીસ ખાટકીવાસ પહોંચી હતી. એક જ શેરીના ત્રણ મકાનના ફળિયામાં કતલ કરાયેલા પશુઓના મૃતદેહ, માંસ, ચામડાં અને અંગો મળી આવ્યા હતા. સ્થળેથી ૭ શખસ મળ્યા હતા, જ્યારે રઝાક આમદ ખાટકી ઘરે હાજર મળ્યો નહોતો.

શેરીમાં મળેલી એક ઝદ્દય રિક્ષાની પાછળની સીટ પર પ્લાસ્ટિકના કોથળામાં માંસ ભરેલું હતું. તપાસ કરતાં ભેંસ વંશના પશુનું માંસ મળી આવ્યું હતું. તેનો જથ્થો આશરે ૧૦૦થી ૧૫૦ કિલો હતો.

રઝાક ખાટકીના મકાનના ફળિયામાં કતલ કરાયેલો પશુનો મૃતદેહ મળી આવ્યો હતો. તેનું માંસ, હાડકાં અને ચામડું અલગ કરાયેલું હતું. બાજુમાં આશરે ૩૦૦ કિલો માંસ અને મૃતદેહના ટુકડા પડેલા હતા.

પોલીસે જરીના જમાલ ચૌહાણ, રઝાક આમદ ખાટકી, કાસમ હુસેન ચૌહાણના મકાનમાં દરોડા દરમિયાન ૧૩૦૦ કિલો પશુઓનું માંસ કબજે કરી જરીના અને રઝાકના મજૂર ઈકબાલ ઈસ્માઈલ તરકબાણ, બનાન હારૂન લિંગડિયા, ફિરોઝ ફકીરમહમદ બેલીમ, સાજિદ મહમદ બેલીમ અને અહેમદ હુસેન શેખ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.આ મામલે વધુ તપાસ પીએસઆઈ સંજય કોઠીવાર ચલાવી રહ્યા છે. સ્થળેથી મળી આવેલી સામગ્રીના જથ્થાનું સેમ્પલ મેળવી એસએસએલમાં મોકલાયું છે.

પર્યુષણ પર્વ દરમિયાન કતલખાના પર પ્રતિબંધ હોવા છતાં રાજકોટના ખાટકીવાસમાં ખુલ્લેઆમ ભેંસ વંશના પશુઓની કતલ થતી હોવાનું બહાર આવ્યું છે અને સ્થળ ઉપરથી પોલીસે ત્રણ મકાન અને એક રિક્ષામાંથી આશરે ૧૩૦૦ કિલો માંસ, ૭ પશુઓનાં માથાં તથા મૃતદેહના ટુકડા કબજે કર્યા છે, પરંતુ પકડાયેલા એક પણ ઈસમ પાસે કતલખાનાનું લાઈસન્સ ન હોવાનું ખુલ્યું છે. ખાટકીવાસના બનાવ બાદ મનપાના આરોગ્ય વિભાગે જણાવ્યું કે, આ લોકો પાસે લાઈસન્સ નથી અને પોલીસ દ્વારા અમને જાણ કરવામાં આવી નથી. આથી પકડાયેલ માંસનો જથ્થો ગેરકાયદેસર કહેવાય તેમજ હાલ જાહેરનામાની અમલવારી ચાલુ હોવાથી મનપા દ્વારા જણાવવામાં આવ્યું છે.

# બસમાં બેસવા મુદ્દે મુસાફરો બાખડ્યા,ધીંગાણાનો વીડિયો વહેતો થયો



જસદણ:ગોંડલ તાલુકાના મોટા દડવા ગામે એસટી બસમાં બેસવા જેવી સામાન્ય બાબતે મુસાફરો વચ્ચે બોલાચાલી બાદ ધીંગાણું થયું હતું.મુસાફરો વચ્ચે થયેલી ઝપાઝપીનો વીડિયો મોબાઈલમાં કેદ થયા બાદ સોશિયલ મીડિયામાં વહેતો થતાં આટકોટ પોલીસે ઘટનાની તપાસ શરૂ કરી છે.

મોટા દડવા ગામના બસ સ્ટેન્ડ નજીક મુસાફરો વચ્ચે બસમાં બેસવા મુદ્દે તકરાર થઈ હતી. સામાન્ય બોલાચાલી બાદ મામલો ઉગ્ર બનતાં મુસાફરો એકબીજા સાથે ઝપાઝપી પર ઉતરી આવ્યા હતા. ઘટનાને પગલે સ્થળ પર હોબાળો મચ્યો હતો અને આસપાસના લોકો પણ એકઠા થઈ ગયા હતા.દરમિયાન સમગ્ર ઘટનાનો વીડિયો મોબાઈલ કેમેરામાં કેદ થયો હતો.

મુસાફરો વચ્ચે થયેલી મારામારીનો વીડિયો સોશિયલ મીડિયામાં વહેતો થતાં આટકોટ પોલીસના ધ્યાને આવ્યો હતો. પોલીસે વીડિયોના આધારે ઘટનામાં સામેલ શખ્સોની ઓળખ કરવા સહિતની તપાસ શરૂ કરી છે. ઓળખ થયા બાદ જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરાઈ છે.

# સરધારમાં એક વર્ષ પહેલાં જ્યાં પિતાએ જિંદગી ટૂંકાવી ત્યાં જ દીકરીએ ગળેફાંસો ખાધો!

રાજકોટ: રાજકોટ તાલુકાના સરધાર ગામમાં હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જ્યાં સ્વામિનારાયણ મંદિર પાસે, સૂકી સાજડીયારી રોડ પર રહેતી ૧૬ વર્ષીય તન્વી મહેન્દ્રભાઈ મકવાણાએ પોતાના ઘરે છતના હૂંક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે. કરુણતા એ છે કે બરાબર એક વર્ષ પહેલાં જે જ જગ્યાએ તેના પિતાએ ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું હતું તે જ સ્થળે અને એ જ રીતે દીકરીએ પણ પગલું ભરી લેતા પરિવારમાં અરેરાટી સાથે શોકનું મોજું ફરી વળ્યું છે.

આ બનાવ સમયે સગીરાની માતા અને મોટી બહેન મજૂરી કામ અર્થે ગયા હતા, જ્યારે તેના બે નાના ભાઈઓ શાળાએ ગયા હતા. બપોરના સમયે સગીરા ઘરે એકલી હતી, ત્યારે તેણે આ પગલું ભર્યું હતું. શાળાએથી નાનો ભાઈ ઘરે પરત ફર્યો ત્યારે તેણે બહેનને છતના હૂંક સાથે લટકતી હાલતમાં જોઈ બૂમાબૂમ કરી મૂકી હતી. બનાવની જાણ થતાં જ પડોશીઓ દોડી આવ્યા હતા અને તાત્કાલિક ૧૦૮ને જાણ કરી હતી. ૧૦૮ના ઈએમટી સ્થળ પર પહોંચી તપાસ કરતા સગીરાને મૃત જાહેર કરી હતી. બનાવ અંગે આજીડેમ પોલીસ ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો હતો.

પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક સગીરા છેલ્લા કેટલાક સમયથી આંતરડાની ગંભીર અને જૂની બીમારીથી પીડાતી હતી, જેની દવાઓ પણ સતત ચાલી રહી હતી. બીમારીના સતત દુ:ખાવા અને તકલીફથી કંટાળીને તેણે આ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ સામે આવ્યું છે. આ ઉપરાંત, એક વર્ષ પૂર્વે પિતાના અવસાન બાદથી તે પિતાના વિયોગમાં પણ રહેતી હતી. આર્થિક અને શારીરિક મુશ્કેલીઓ વચ્ચે પિતાની ખોટ તેને સતત સાલતી હતી. હાલ આજીડેમ પોલીસે અકસ્માતે મોતના ગુના હેઠળ નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રોકાણકારોના કરોડો રૂપિયા હવાલાથી લંડન મોકલી દીધા: રાજકોટ-અમદાવાદની CA ત્રિપુટીએ ૬૦૦ કરોડનું કૌભાંડ આચર્યાનો પર્દાફાશ

## જમાઈને લોન આપવા સસરાએ ભલામણ કર્યાની શંકા, તપાસ થાય તો સત્ય હકીકત બહાર આવે, રાજ બેન્કમાંથી સીસી લઈ તેમાંથી લાખો રૂપિયાની કિંમતની લક્ઝરિયસ ગાડીઓ ખરીદી હતી



રાજકોટ:રાજકોટના ઈતિહાસની સૌથી મોટી રૂ.૧૪૪.૧૯ કરોડની છેતરપિંડીની ઘટનામાં અનેક ચોંકાવનારી વિગતો બહાર આવી છે ત્યારે છેતરપિંડીનો કુલ આંકડો રૂ.૬૦૦ કરોડ હોવાનું બહાર આવ્યું છે. તેમજ આ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ત્રિપુટીએ ઈન્ડોનેશિયામાં સ્થાનિકો સાથે મળીને કંપની બનાવી ત્યાંના વેચનાર અને અહીંના ખરીદનાર બન્ને પાર્ટી બની રોકાણકારોને શીશામાં ઉતાર્યા હતા.ફરિયાદી જયેન્દ્રભાઈ અકબરીએ જણાવ્યું હતું કે, આ કૌભાંડી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ત્રિપુટી સામે જાન્યુઆરી-૨૦૨૫માં અમદાવાદની આર્થિક ગુના નિવારણ શાખા દ્વારા રૂ.૬૪ કરોડની છેતરપિંડીનો ગુનો નોંધી ત્રણેયની ધરપકડ કરી હતી.અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે કરેલી આ કેસની તપાસ દરમિયાન આ કૌભાંડનો આંકડો રૂ.૬૦૦ કરોડને આંબ્યો હતો. આરોપીઓએ કરોડો રૂપિયા લંડન તેમના સગાંસંબંધીને મોકલી દીધાનું પણ અમદાવાદ આર્થિક ગુના નિવારણ શાખાની તપાસ દરમિયાન બહાર આવ્યું હતું.

સૌરાષ્ટ્ર-કચ્છ કો-ઓપરેટિવ બેન્ક ફેડરેશનના સીઈઓ પુરુષોત્તમ પીપળિયાએ જણાવ્યું હતું કે, આ ત્રિપુટી સામેની તપાસ રાજ બેન્કે મને સોંપ્યા બાદ તપાસ હાથ ધરી હતી. જેમાં આ ત્રણેય ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ જય ચોટલિયા, મનીષ ડાંગી અને મિતેશ સંઘવીએ ઈન્ડોનેશિયામાં પણ સ્થાનિક લોકોને સાથે રાખી કંપની ખોલી હતી.જે કંપનીમાં આ ત્રણેય ચીટરોએ ડિરેક્ટર હતા અને ગુજરાતમાં આવેલી તેમની ટર્નરેસ્ટ રિસોર્સીસ કંપનીને કોલસો સપ્લાય કરી કરોડો રૂપિયાનું ટર્નઓવર બતાવી રોકાણકારો અને બેન્કોને શીશામાં ઉતાર્યા હતા.

ત્રિપુટીએ આ કૌભાંડની શરૂઆત રાજ બેન્કમાંથી રોકાણકારોની કરોડો રૂપિયાની મિલકત ગીરો મૂકી સીસી લઈને કરી હતી. રોકાણકારોના કરોડો રૂપિયા આવતાં જ ત્રિપુટીએ રૂ.૫૦-૫૦ લાખ આસપાસની લક્ઝરિયસ ગાડીઓ છોડાવી લીધી હતી અને તેના હપ્તા પણ ટર્નરેસ્ટ રિસોર્સીસ કંપનીમાંથી ચૂકવાતા હતા.આ કૌભાંડની ભીતરમાં એવી પણ ચર્ચા થઈ રહી છે કે, આ ત્રિપુટીને સહકારી બેન્કોમાંથી લોન મેળવવામાં સરળતા રહે તે માટે જય ચોટલિયાના સસરા અને સહકારી આગેવાન જ્યોતિન્દ્ર મહેતાએ મદદ કર્યાનું કહેવાય છે. જોકે આ બાબત સાચી છે કે ખોટી તે તો તપાસ બાદ જ સ્પષ્ટ થઈ શકે.

રાજકોટ પોલીસે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ત્રિપુટી સામે બીએનએસની કલમ ૩૧૮(૪),૬૧(૨), ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૩૮ અને ૩૪૦ હેઠળ ગુનો નોંધ્યો છે. જેમાં ૧૦ વર્ષથી લઈને આજીવન કેદ સુધીની સજાની જોગવાઈ છે. આમ છતાં EOWના પીઆઈ ધવલ હરિપરાએ તેમને માત્ર નોટિસ આપીને જવા દીધા હતા. સામાન્ય નાગરિકો જો માત્ર રૂ.૧ લાખની છેતરપિંડીમાં પણ પકડાયા હોય કે કોઈ શ્રમિક મ્યૂલ એકાઉન્ટના ગુનામાં પણ ઝપટે ચડી ગયો હોય તો આર્થિક ગુના નિવારણ શાખા તેને આંખે અંધારા લાવી દયે છે ત્યારે આ કેસમાં રાજકોટના ઈતિહાસની સૌથી મોટી રૂ.૧૪૪.૧૯ કરોડની છેતરપિંડી થઈ છે છતાં તેમને માત્ર નોટિસ આપી જવા દેવાતા અનેક સવાલો ઉઠ્યા છે. આ મુદ્દે ડીસીપી જગદીશ બાંગરવાને પૂછતા તેઓએ જણાવ્યું હતું કે, બીએનએસમાં એવી જોગવાઈ છે કે જ્યાં સુધી તપાસનીશ અધિકારીને ફરિયાદમાં પૂરતા પુરાવા છે તેમ ન જણાય ત્યાં સુધી આરોપીઓને નોટિસ આપી જવા દેવાની સત્તા છે. બીજુ આ સેકન્ડ ફરિયાદ છે અને કેસ સિવિલ-ક્રિમિનલ ટાઈપનો છે. ખરેખર એકાઉન્ટ મેન્યુપ્લેટ કરી છેતરપિંડી કરાઈ છે કે કેમ? તેની તપાસ બાકી છે. બીજુ સામાવાળાઓએ તેમની કંપની સામે નેશનલ કંપની લો ટ્રિબ્યૂનલમાં કેસ ચાલે છે અને અઠવાડિયામાં ફડચામાં લઈ જવાનો હુકમ થશે તેમ કહ્યું છે તેથી તેની રાહ જોઈ રહ્યા છીએ.

# રાજકોટ મનપાના પૂર્વ ડેપ્યુટી મેયર ટીકુભાની જમીનમાં ગેરકાયદે ખનન, ખનિજચોરી કરનારને ૫.૨૫ લાખનો દંડ



રાજકોટ: રાજકોટના એઈમ્સ રોડ પર માધાપર ગામે ઈશ્વરિયાના માર્ગ પર એઈમ્સ રોડ કાંઠે પૂર્વ ડેપ્યુટી મેયર તેમજ વર્તમાન કોર્પોરેટર નરેન્દ્રસિંહ ઉર્ફે ટીકુભા જાડેજા, રવિરાજસિંહ જાડેજા, દિનેશ ડાયા ઢોલરિયા સહિત ૪ની માલિકીની જમીન છે.સરવે નં.૯૬ પૈકી ૫ પૈકી ૧ની ૩૩ એકર જમીનમાં રોડ કાંઠાના ભાગમાં મોટી ટેકરી હતી. જેમાંથી ૨૪૮૨ ટન ખનિજચોરી કરીને વેચવાના મામલે રાજેશ મૈયડને ૫.૨૫ લાખનો દંડ ખાણ ખનિજ વિભાગે ફટકાર્યો છે.જમીનના માલિક પૈકીના હિસ્સેદાર રવિરાજસિંહ જાડેજાને રાજેશ લખમણ મૈયડનો સંપર્ક થયો હતો. તેમની જમીન લેવલિંગ કરવાનું કામ રાજેશને અપાયું હતું. રવિરાજસિંહ કે રાજેશે કોઈ મંજૂરી લીધી ન હતી અને ગેરકાયદે ખનન ચાલુ કરાયું હતું.

જે અંગેની જાણ થતાં ખાણ ખનિજ વિભાગે રેડ કરી હતી. જેમાં સ્પષ્ટ થયું હતું કે, રાજેશે કામ લેવલિંગનું રાખ્યું હતું. નિયમ મુજબ ટેકરી હોય અને લેવલિંગ કરવાનું હોય ત્યારે મંજૂરી લેવી પડે અને તે પોતાના ખેતરમાં જ નાખી શકે છે, વેચી શકે નહીં.

રાજેશે આપેલી કબૂલાત મુજબ રવિરાજસિંહે જ ટેકરી ખોદવાનું કામ આપ્યું હતું અને તેમાં જે પણ માલ નીકળે તે વેચી નાખવાનું કહ્યું હતું. ખનનની મંજૂરી વગર કામ કરવામાં તો રાજેશની સાથે સાથે રવિરાજસિંહની સંડોવણી પણ આ રીતે સાબિત થાય છે. જોકે રાજકીય વગ હોવાથી ખાણ ખનિજ વિભાગે માત્ર વાહન માલિકને દંડ કર્યો જમીન માલિકોને બચાવી લીધા છે.

ખાણ ખનિજ અને પોલીસની ટીમને પણ ગેરકાયદે ખનન અંગે માહિતી મળી હતી આ સમયે રાજેશે એમ કીધું હતું કે, મામલતદાર પાસેથી લેવલિંગ કરવાની મંજૂરી મળી છે, પોલીસે મામલતદારનો હુકમ કે મંજૂરી માગી ન હતી. આથી તેની કામગીરી સામે શંકા છે. ખાણ ખનિજ સામે પણ આ જુઠ્ઠાણું ચલાવ્યું હતું પણ માંગ કરાતા કોઈ હુકમ મળ્યો ન હતો.